# જે. જે. સી. ગોલ્ડન ગારોડિયા

૩૫, સાઈબાબા નગર, ત્રિકાલ બિલ્ડીંગ પાછળ, ફેડરલ બેંકની બાજુમાં,
૯૦ ફીટ રોડ, પંતનગર, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૫.

**સંપર્ક : અશ્વીન ખંધાર : ૯૩૨૦૧૦૨૧૬૧ ✤ યોગેશ ખંધાર - ૯૩૨૪૦૨૬૬૪૧ ✤ મનીષ શાહ - ૯૮૨૦૨૯૧૫૮૯**

તા. ૨૬-૦૨-૨૦૧૮

આદરણીય સભ્યો,

ઢોલી કીંગ નૈતિક નાગડાનાં તાલે આપણે સૌએ નવરાત્રિની યાદ તાજી કરી લીધી અને દરેક ને ખુબજ મજા આવિ. અને સાથે સાથે સનત વ્યાસ, કેતકી દવે અભીનીત નાટક બહુજ સરસ મેસેજ નવી પેઢીને આપી જાય છે. ખરેખર ઘણુંજ સમજાવી જાય છે અને હા કોમેડીયંન કીંગ જોની લીવર લાઈવ માણીને તણાવ ભરેલી જીંદગીમાંથી ટેન્શન ફ્રી થઈ ગયા.

ત્યારબાદ ૨૫ ફેબ્રુઆરી નો **Fun - Fair**, દર વર્ષની જેમ જાજરમાન, જે.જે.સી.ના મોભાને શોભે અને સભ્યોના હૈયે ટાઢક આપે તેવો, જલસો પડી ગયો, બાળકોને પરિક્ષાના ટેન્શનમાંથી થોડો સમય મુક્ત કરી **Fresh** કરવાના હેતુસર કરાતો આ પ્રોગ્રામ સફળ રહયો !

હવે, ગરમી શરૂ થઈ ગઈ હોય, માર્ચ મહીનાનો આપણો આગામી પ્રોગ્રામ એટલે તા. ૨ માર્ચ, ૨૦૧૮, શુક્રવારના રોજ **"ધુળેટી"**. આપને યાદ જ હશે કે ધુળેટીનો તહેવાર આપણે સભ્યમિત્રો સૌ સાથે મળીને વર્ષોથી રાષ્ટ્રીયશાળાના પટાંગણમાં ઉજવીએ છીએ, રમત-ગમત, લક્કી ડ્રો, ડી. જે. તથા ભોજનનાં રસથાળ સાથે ઠંડાઈ તો ખરી જ. શાળાના પટાંગણમાં સૌ કુટુંબીજનોની જેમ સાથે મળીને માણીયે છીએ જેથી બંધુત્વની ભાવના વધે છે, એક બીજા સાથે પરિચય વધારવાનો મોકો મળે છે. (**ખાસ નોંધ :** છેલ્લાં કેટલાય વર્ષોથી રંગો કે પાણી વગર ફકત કપાળે ગુલાલનું તિલક લગાવીને આપણે ઉજવણી કરીએ છીએ ). પુરતો આનંદ માણવા સમયસર પધારશો એવી નમ્ર વિનંતી. !

J. J. C. CENTRAL BOARD
INWARD NO.:- 7398
CHAIRMAN:-
SEC. GENERAL:-
SECRETARY:
DATE:- 28-2-18

## પ્રોગ્રામ નં. ૦૯




| | |
|---|---|
| તારીખ : | ૦૨-૦૩-૨૦૧૮, શુક્રવાર |
| સ્થળ : | રાષ્ટ્રીય શાળા પટાંગણ |
| સમય : | સવારે ૧૦.૩૦ થી ૧૧.૩૦ ક. - ઠંડાઈ અને બાઈટીંગ |
| | ૧૧.૦૦ થી ૧.૩૦ રમત-ગમત, ડી. જે. વગેરે |
| | ૧.૦૦ થી ૨.૩૦ સ્વરૂચી ભોજન |
| ખાસ નોંધ : | આ પ્રોગ્રામમાં પ્રોક્ષી નોટ-અલાઉડ, આ સાથે લક્કી ડ્રોની કુપન મોકલેલ છે, તેનો એક ભાગ પ્રોગ્રામ દરમ્યાન બોક્ષમાં નાખશોજી. |

અને આગામી કાયક્રમ ૨૪-૦૩-૨૦૧૮ શનિવારનાં નાટક ઝવેરબેન સભાગૃહમાં નાસ્તા સાથે માણીશું.

## પ્રોગ્રામ નં. ૧૦




| |
|---|
| તારીખ : ૨૪-૦૩-૨૦૧૮, શનિવાર |
| સ્થળ : ઝવેરબેન પોપટલાલ સભાગૃહ ઘાટકોપર (ઈસ્ટ). |
| સમય : રાત્રે ૯.૪૫ કલાકે |

લી. જે.જે.સી. ગોલ્ડન ગારોડીયા કમિટિ મેમ્બરોના જયજિનેન્દ્ર...